**બજેટ સદર ૦૦૭૫ (૧૦૮) હેઠળ જમા થતી**
**બાંહેધરી ફી ની માહિતી બાબત.**

**હિસાબ અને તિજોરી નિયામકની કચેરી**
ગુજરાત રાજય, 'વીમા અને લેખા ભવન',
બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંક :– હિતિનિ / ટીસી/ ફા.૧૦૧/ ૩૦૦૧/ ૦૦૭૫/ ૭૬૪ - ૭૯૦ .
તારીખ :૧૫-૦૨–૨૦૧૨

**:: પરિપત્ર –૧ / ૨૦૧૨ ::**

આથી તમામ શ્રેયાન/ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓનું આ કચેરીના તા.૩૦/૫/૨૦૦૦ ના પરિપત્ર ક્રમાંકઃ ૧૩/૨૦૦૦ તરફ આપનુ ધ્યાન દોરતાં જણાવવાનું કે, ઉપરોકત વિષય અંગેની માસિક માહિતી દર માસની ૧૦મી તારીખ સુધીમાં સરકારશ્રીના નાણા વિભાગમાં સાદર કરવાની થાય છે. તો આપની કચેરીની બજેટ સદર ૦૦૭૫(૧૦૮) હેઠળ જમા થતી બાહેંધરી ફી ની આવક નિયત થયેલ બજેટ સદર / પેટા સદરમાં જ લેવાય અને તે મુજબ ચોકસાઈપૂર્વક હિસાબો તૈયાર કરી, ઈ.ડી.પી.સેલ, હિ.તિ.નિ.કચેરી, ગાંધીનગરને મોકલવા જણાવવામાં આવે છે.

વધુમાં, એ.જી.કચેરીને મોકલાતા હિસાબોના ટોપ શીડયુલના ૦૦૭૫ સદરે જમા થતી રકમો પૈકી તેના ગૌણ સદરોમાં જમા થતી રકમનો ગૌણ સદર સાથે અને તેની રકમ સાથે સ્પષ્ટ ઉલ્લેખ કરવો. જેથી ભૂલોનો અવકાશ ન રહે. તેમાં ખાસ કરીને (૧૦૮) બાહેંધરી ફી સદરે આવી રકમો નહીં દર્શાવવાની ભૂલો ન થાય તેની તકેદારી રાખવી.

ઉકત બાબતે નાણા વિભાગની સૂચના મુજબ હવે પછીથી જિલ્લા તિજોરી કચેરીઓ દ્વારા દર માસની પાંચમી તારીખ સુધીમાં અગાઉના માસની જમા થયેલ રકમ બજેટ સદર ૦૦૭૫(૧૦૮) બાંહેધરી ફી ની માહિતી બારોબાર નાણા વિભાગમાં નહીં મોકલતા અત્રેની કચેરીને અચૂકપણે મોકલાય તે માટે અંગત તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

આ પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મોકલી આપવા વિનંતી.

**સંયુકત નિયામક**
**(તિજોરી નિયંત્રણ)**

**પ્રતિ,**
શ્રેયાન/ જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
જિલ્લા તિજોરી કચેરી,
........................ (તમામ)

**નકલ સવિનય રવાના પ્રતિ,**
સેકશન અધિકારીશ્રી, નાણા વિભાગ, ડી.એમ.ઓ. શાખા, સચિવાલય, ગાંધીનગર તરફ તેઓના તા.૨૦/૧/૧૨ના પત્ર અન્વયે જાણ સારુ.